# પ્રેસ નોટ

હાલમાં મહુવા તાલુકાના તારકની ગામ ખાતે શેરડીના પાકમાં વ્હાઈટ વુલી એફીડ નામની જીવાતનો ઉપદ્રવ જોવા મળેલ છે. જો આ જીવાતને સમયસર કાબુમાં ન લેવામાં આવે તો તેનો ફેલાવો ખુબજ ઝડપથી થાય છે તેમજ આ જીવાતના ઉપદ્રવને પરિણામે ભયંકર નુકશાન થવાની દહેશત રહેલ છે. આ જીવાતના બચ્ચાંઓ સફેદ રંગના ઉનથી ઢંકાયેલા હોય છે જે શેરડીના પાનમાંથી રસ ચુસે છે પરિણામે પાન પર સફેદ રંગના ટપકાં જોવા મળે છે તેમજ પાન કડક થઈ તેની ધારો સુકાઈ જાય છે અને ઉપદ્રવિત છોડ કદમાં ઠીંગણો રહે છે. વધુ ઉપદ્રવ હોય તો છોડના બધાજ પાન સુકાઈ જાય છે તેમજ આખુ ખેતર સફેદ દ્રષ્ટિગોચર થાય છે.

આ જીવાતના નિયંત્રણ માટે નાઈટ્રોજનયુકત ખાતરોનો ભલામણ મુજબ ઉપયોગ કરવો. ઉપદ્રવની શરૂઆત નાના ટાલાઓમાં થતી હોવાથી નિયમિત રીતે મોજણી કરતા રહેવું જોઈએ તેમજ ઉપદ્રવ જોવા મળે તો યુધ્ધના ધોરણે તાત્કાલિક ઉપદ્રવિત પાન કાપીને ત્યાં આગળ જ બાળીને નાશ કરવો. રાસાયણિક નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસએલ ૨.૮ મીલી અથવા એસીફેટ ૭૫ ટકા સોલ્યુબલ પાવડર ૧૨ ગ્રામ દવામાં ટીપોલ ૨૦ મીલી અથવા સેન્ડોવીટ ૨૦ મીલી અથવા ૨૦ ગ્રામ સાબુ પાવડરનું દ્રાવણ ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. આ જીવાતના જૈવિક નિયંત્રકો જેવાકે *ડાયફા એફીડીવોરા, માઈક્રોમસ ઈગોરોટસ, ક્રાયસોપર્લા કાર્નિયા* તથા *સીરફીડ ફ્લાય* જેવા પરભક્ષીઓની હાજરી જોવા મળે તો ઉપર દર્શાવેલ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં વિશેષ સાવધાની રાખવી.

| | | |
|---|---|---|
|  ૯.૧ પાન પર શેરડીના વ્હાઈટ વુલી એફીડસ |  ૯.૨ વ્હાઈટ વુલી એફીડના પરભક્ષી માઈક્રોમસની ઈયળો |  ૯.૩ વ્હાઈટ વુલી એફીડને ખાતી માઈક્રોમસની ઈયળ |
|  ૯.૪ વ્હાઈટ વુલી એફીડનું પરભક્ષી માઈક્રોમસ ઈગોરેટસનું પુખ્ત કીટક |  ૯.૫ શેરડીની વ્હાઈટ વુલી એફીડને ખાતી પરભક્ષી સીરફીડ ફ્લાયની ઈયળો |   ૯.૬ વ્હાઈટ વુલી એફીડના પરભક્ષી ડાયફા એફીડીવોરાના ઈંડા અને ઈયળ |
|   ૯.૭ ડાયફાના કોશેટાઓ અને પુખ્ત કીટક | | |